## NTSE (પરીક્ષા તા.૧૪-૦૨-૨૦૨૧) ના પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચના

- તા.૧૪-૦૨-૨૦૨૧ના રોજ લેવામાં આવેલ NTSE પરીક્ષા-૨૦૨૦માં ઉપસ્થિત રહેલા ઉમેદવારોને જણાવવાનું કે આ પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી તથા OMR આજ રોજ તા.૨૦/૦૨/૨૦૨૧ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ પરીક્ષાના પ્રશ્નપેપરના કોઇ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કીના ઉત્તર તથા આપની OMR બાબતે રજુઆત કરવા માંગતા હોય તો અત્રેની કચેરીની વેબસાઇટ પર www.sebexam.org પર દર્શાવેલ લિંક ઓપન કરી તમામ વિગતો ભરીને માન્ય આધારોને સ્કેન કરી PDF સ્વરૂપે જરૂરી આધારો સાથે ઓનલાઇન સબમિટ કરવાનું રહેશે.
- જો એક કરતા વધુ પ્રશ્નો અંગે રજૂઆત કરવાની હોય તો પ્રશ્નદીઠ અલગ-અલગ પત્રકમાં રજૂઆત કરવાની રહેશે.
- રજૂઆત મોકલવાનો સમયગાળો: તા.૨૦/૦૨/૨૦૨૧ થી તા.૨૬/૦૨/૨૦૨૧ (રાત્રે ૨૩:૫૯ સુધી)
- જે પ્રશ્નના ઉત્તર અંગે રજૂઆત કરવી હોય તેના આધાર માટે રજુ કરવામાં આવતું પુસ્તક સરકાર દ્વારા પ્રકાશિત થયેલુ હોવું જોઇએ એટલે કે કોઇ ખાનગી પ્રકાશનો દ્વારા પ્રકાશિત થયેલ પુસ્તકો/સાહિત્ય આધાર તરીકે માન્ય રહેશે નહી.
- આધારો વગરની રજૂઆતો ધ્યાને લેવામાં આવશે નહી.
- નિયત સમય મર્યાદામાં એટલે કે તા.૨૬/૦૨/૨૦૨૧ સુધીમાં મળેલ રજૂઆતો જ ધ્યાને લેવામાં આવશે.
- આ પરીક્ષામાં ઉપસ્થિત હોય તેવા ઉમેદવારો જ આ પ્રકારની રજૂઆત કરી શકશે જેની ખાસ નોંધ લેવી.

એમ.જી.વ્યાસ

સચિવ

રાજ્ય પરીક્ષા બોર્ડ

ગાંધીનગર